ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૮.૬ ડીગ્રી
લઘુતમ : ૧૨.૮ ડીગ્રી
ભેજ
સવારે ૫૩ ટકા ● સાંજે ૩૧ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં પાનખરનું પણ સૌંદર્ય ખીલ્યું છે

શહેરમાં લાલ-પીળા વૃક્ષોના પાંદડાથી બન્યા નયનરમ્ય દૃશ્યો

ગાંધીનગર, તા.૧૧

શહેરમાં પાનખર ઋતુ અંતર્ગત ઠેર ઠેર વંટોળીયાની અસર હેઠળ ધુળની ડમરીઓ ફુંકાય છે. સાથે સાથે પાનખર ઋતુનો અહેસાસ થાય છે. કેમકે વૃક્ષોના સુકાં પાંદડા ખરીને પવન સાથે ઊઠે છે અને ઠેર ઠેર પથરાય છે. ગાંધીનગરમાં પાનખર ઋતુનો અહેસાસ વધારે થાય છે કારણ કે આપણું શહેર ગ્રીનરીથી હર્યુંભર્યું છે. વૃક્ષોનું પ્રમાણ વધારે હોવાથી શહેરીજનો પાનખર ઋતુનો અહેસાસ કરી શકે છે.

વસંતના આગમનની સાથે એક કવિની કલ્પના યાદ આવે છે તે મુજબ 'અમ વિતી તુજ વિતશે... ધીરી બાપુડીયા' એટલે કે તમારે પણ આ રીતે ખરવાનો વારો આવશે. સૃષ્ટિ ક્રમ મુજબ રચના થયા બાદ તેનો નાશ થાય છે જેવી રીતે જન્મ પછી મૃત્યુ તેવી રીતે સર્જન બાદ વિસર્જન એ કુદતરનો ક્રમ છે તો મુજબ હમણાં શિશિર ઋતુમાં પાકી ગયેલા પાંદડા અને ડાળીઓ ખરી રહી છે. ઋતુના પ્રભાવ હેઠળ ફુંકાતો વાયરો ધૂળની ડમરીથી આંખો આંજે છે તો બીજી તરફ વૃક્ષોને તેના અંગના હિસ્સા સમાન પાંદડા કે છાલ કે ડાળીને છોડવી પડે છે તેનું જાણે કે દુઃખ પણ થાય છે.

ઋતુમાં પાનખર ઋતુનું વિશેષ મહત્વ છે કારણકે પાનખર ઋતુમાં પર્ણના અલગ અલગ રંગથી પ્રકૃતિને સોળે કળાએ ખીલેલી માણી શકાય છે. વસંતના આગમન સાથે ઘણા વૃક્ષો પર નવા પર્ણ પણ જોવા મળી રહ્યા છે. ગાંધીનગરમાં પ્રવેશતા જ વૃક્ષો માર્ગની બંને તરફે ઘેરવી લીધેલા નજરે નિહાળી શકાય છે પણ આ વૃક્ષોનો આજે કંઈ અલગ નજારો જોવા મળી રહ્યો છે. આ વૃક્ષોના લીલા-પીળાં પર્ણો જાણે આપણું સ્વાગત કરતાં હોય એમ વરસી રહ્યા છે. ભભકદાર વૃક્ષોનાં પર્ણો ડાળીઓથી વિખૂટા થઈ માર્ગો પર પથરાઈ ગયા છે જાણે પ્રકૃતિએ જમીન પર લીલી પીળી ચાદર ઓઢાડી હોય, સાથે મંદ મંદ વહેતો વાયરો આ પર્ણોને લઈને એક જગ્યાએ એકત્ર કરતો મસ્ત મધુર સંગીત ઉત્પન્ન કરતો નજરે પડે છે આ અવાજ સાંભળીને મન આનંદ વિભોર થઈ જાય છે.

પાનખરમાં સુકાઈ ગયલા પર્ણો નીચે પડે છે જયારે બીજી તરફ નવા ફૂટી નીકળેલા પર્ણોથી ઝાડ લીલાછમ થઈ જાય છે. આંબાના ઝાડ પર મોરની મિજબાની કેરીઓના આગમનની આગાહી આપી રહી છે. આ પાનખર ઋતુના નયનરમ્ય, સૌંદર્યને મનથી માણવાનો અનુભવ જ અનોખો હોય છે.

પાનખરમાં પાંદડા વૃક્ષો પરથી ખરી જવાનું કારણ

શિયાળા દરમિયાન પ્રકાશસંશ્લેષણ માટે પૂરતો પ્રકાશ કે પાણી હોતું નથી.વૃક્ષો ઉનાળા દરમિયાન સંગ્રહિત ખોરાકમાંથી જીવે છે. જે ઘટનામાં છોડ રાતની લંબાઈને સમજીને તેમના પાંદડા ગુમાવવાનું નિર્ણય લે છે તેને ફોટોપેરિયોડિઝમ કહે છે.

જન્મદિને વધામણી

કિશિવ ધવલ ત્રિવેદી
મો. ૯૮૭૯૧૬૯૭૬૩



જુગલ હાર્દિક જોષી
મો. ૯૦૧૬૭૧૬૯૭૧

નીરવી રવિ પટેલ

પાર્થ રાજાડી
મો. ૮૧૨૮૧૮૧૬૦૪

સોની નીતાબેન જયેન્દ્રભાઈ

મહાનગર ભાજપ દ્વારા પંડિત દિનદયાલની પુણ્યતિથીએ પુષ્પાંજલિ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર મહાનગરના તમામ વોર્ડમાં ભાજપા સંગઠન દ્વારા પંડિત દીનદયાલ ઉપાધ્યાયને પુષ્જલિઅર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. પંડિત દીનદયાલ ઉપાધ્યાયજીની પુણ્યતિથિ 'સમર્પણ દિન' નિમિત્તે ગૃહરાજ્યમંત્રીશ્રી તેમજ મહાનગરના પ્રભારી મંત્રીશ્રી હર્ષ સંઘવીની વિશેષ ઉપસ્થિતિમાં શ્યામ શુકન રેસિડેન્સી, ભાઈજીપુરા ચોકડી, પી.ડી.પી.યુ રોડ, ગાંધીનગર ખાતે ભાજપા દ્વારા સાદર વંદન સાથે 'પુષ્પાંજલિ અર્પણ' કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મહાનગર ભાજપા અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટ, મેયરશ્રી હિતેશભાઈ મકવાણા, ડે. મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટે.કમિટી ચેરમેન જસવંતભાઈ પટેલ, સંગઠનના હોદ્દેદારો, અગ્રણીશ્રીઓ, કોર્પોરેટરો, કાર્યકર્તાઓ, શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા તેમજ ભાજપાના 'માઈક્રો ડોનેશન અભિયાન' અન્વયે ભાજપા માટે યથાશક્તિ અનુદાન આપવા માટે સૌને અપીલ કરવામાં આવી હતી.

નેશનલ ડિફેન્સ યુનિવર્સિટી દ્વારા પ્રથમ હેકાથોનનું આયોજન

ગાંધીનગર, તા.૧૧

નેશનલ ડિફેન્સ યુનિવર્સિટીએ મિલિટરી કોલેજ ઓફ ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયરિંગના સહયોગથી છેલ્લા ત્રણ મહિનામાં ભારતીય સેના માટે પ્રથમ હેકાથોનનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે, જનરલ એમએમ નરવણે, પીવીએસએમ, એવીએસએમ, એસએમ, વીએસએમ, એડીસી, આર્મી સ્ટાફના વડાએ તમામ ભાગ લેનારાઓને અભિનંદન આપ્યા હતા અને વિજેતાઓને અભિનંદન આપ્યા હતા. આ હેકાથોનમાં દેશભરમાંથી અને સેના તરફથી મોટી સંખ્યામાં સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જનરલ નરવણેએ નોંધ્યું હતું કે સાયબર ધમકીઓ એ આજે ભારત સામેના સૌથી મહત્વપૂર્ણ પડકારો પૈકી એક છે અને ભારતીય સેનાએ સાયબર ડોમેનમાં તેની ક્ષમતાઓને મજબૂત કરવા માટે ઘણા પગલાં લીધાં છે. જનરલ નરવણે અને કર્નલ નિધિશ ભટનાગર, નિયામક, સ્કૂલ ઓફ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એન્ડ સાયબર સિક્યુરિટી, નેશનલ ડિફેન્સ યુનિવર્સિટી દ્વારા વિજેતાઓને ૧૫ લાખ રૂપિયાના ઈનામો આપવામાં આવ્યા હતા.

પ્રોફેસર (ડૉ) બિમલ પટેલ, વાઈસ ચાન્સેલર, નેશનલ ડિફેન્સ યુનિવર્સિટીએ જણાવ્યું હતું કે સાયબર હવે તમામ ક્ષેત્રોમાં આપણા જીવનનો એક ભાગ છે. તેમણે આમાં અગ્રણી ભૂમિકા ભજવવા બદલ ભારતીય સેના અને MCTE ની પ્રશંસા કરી અને ઉલ્લેખ કર્યો કે હેકાથોન જેવી સ્પર્ધાઓ સંભવિત નબળાઈઓ અને નબળાઈઓને સમજવા અને સુરક્ષિત કરવા માટે જરૂરી છે.

ઈન્સ્ટીટ્યુટ ઓફ એડવાન્સ્ડ રિસર્ચ અને સાંકળચંદ પટેલ યુનિવર્સિટી વચ્ચે રિસર્ચ ક્ષેત્રે એમ.ઓ.યુ.

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર સ્થિત ઈન્સ્ટીટ્યુટ ઓફ એડવાન્સ્ડ રિસર્ચ અને વિસનગર સ્થિત સાંકળચંદ પટેલ યુનિવર્સિટી વચ્ચે રિસર્ચને લગતી પ્રવૃત્તિઓ અંતર્ગત એમ.ઓ.યુ કરવામાં આવ્યા હતા. વાઈબ્રન્ટ ગુજરાત અંતર્ગત કરવામાં આવેલ આ એમ.ઓ.યુ અનુસાર બંને યુનિવર્સિટીઓ રિસર્ચ, ઈનોવેશન, સ્ટાર્ટ-અપ, ફેકલ્ટી એક્ષચેન્જ પ્રોગ્રામ્સ, જોઈન્ટ વર્કશોપ, કોન્ફરન્સ, રિફ્રેશર કોર્સીસ, ફેકલ્ટી ડેવલપમેન્ટ પોગ્રામ ઉપર વધારે ભાર આપશે. ઈન્સ્ટીટ્યુટ ઓફ એડવાન્સ્ડ રિસર્ચ, ગાંધીનગર એ તેના રીસર્ચ વર્ક, ઈનોવેટીવ પ્રેક્ટિસસ તથા બાયોટેકનોલોજી અને એન્જીનિયરીંગના પ્રોગ્રામ માટે ભારતભરમાં જાણીતી છે. આ એમ.ઓ.યુ થવાથી બંને યુનિવર્સિટીઓના પ્રોફેસરો, રિસર્ચ સ્કોલર્સ તથા વિદ્યાર્થીઓને તેનો વધુને વધુ લાભ મળશે.

આ પ્રસંગે બંને યુનિવર્સિટીના પ્રોવોસ્ટ શ્રી. ડૉ.મનિષ શર્મા, ડૉ.જે.આર. પટેલ, રજીસ્ટ્રાર શ્રી ડૉ. મનિષ પરમાર, ડૉ પી.કે. પાંડે, ડીનશ્રીઓ તથા વિવિધ વિભાગોના વડાશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં 'શો એન્ડ ટેલ' એક્ટિવિટી યોજાઈ



ગાંધીનગર, તા.૧૧

એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં 'શો એન્ડ ટેલ' એક્ટિવિટી યોજાઈ હતી. બાળકોના અંદર છુપાયેલી પ્રતિભાને તથા કૌશલ્યને બહાર લાવવા એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ દ્વારા આ એક્ટિવિટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોને અલગ-અલગ વિષયો આપવામાં આવ્યા હતા. જેમાં બાળકોએ પ્રિય રમકડું, પ્રિય પ્રાણી, ફેમિલી ટ્રીપ, રેસીપી, તથા રમત ગમતને લગતી કોઈપણ પ્રવૃત્તિ પર સ્પીચ આપવાની હતી. જેમાં બાળકોએ પૂરી તૈયારી સાથે અને પૂરા ઉત્સાહથી ભાગ લીધો હતો. જેમાં વાલીઓનો પણ ખૂબ જ સહકાર સાંપડ્યો હતો. આ એક્ટિવિટી માટે બધા જ ભાગ લેનાર બાળકોને ઈ-સર્ટિફિકેટ પણ આપવામાં આવ્યા હતા. શાળા પરિવારે બાળકોને તથા તેમની કલાને બિરદાવ્યા હતા.

ગાંધીનગર શહેરમાં ઠેર ઠેર અંડરગ્રાઉન્ડ ડસ્ટબીન મુકવામાં આવ્યા છે. સ્માર્ટ સીટી અંતર્ગત મુકવામાં આવેલા આ ડસ્ટબીનનો ઉપયોગ કેવી રીતે કરવો તે હજુ લોકોને સમજાતું નથી. સેકટર-૧૧માં નવું અંડરગ્રાઉન્ડ ડસ્ટબીન મુકાયું છે પરંતુ હજુ જુના ડસ્ટબીનનો જ ઉપયોગ થાય છે. જુના ડસ્ટબીનમાં ઠાંસી ઠાંસીને કચરો ભરવામાં આવ્યો છે. જે આસપાસ ફેલાઈને વધુ ગંદકી ફેલાવે છે.

ધી યોગા ડીવોટી દ્વારા ૧ ઉમીએ નિઃશુલ્ક પાર્ટનર યોગ વર્કશોપ

ગાંધીનગર, તા.૧૧

ધી યોગા ડીવોટી દ્વારા ૧ ઉમીએ સવારે ૮ થી ૯ કલાકે ફ્રી પાર્ટનર યોગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. જે સ્પોર્ટસ એકેડેમી સેકટર-૨૮ ખાતે યોજાશે. જેમાં જોડીદાર સાથે વિવિધ આસનો સરળતા અને અસરકારકપૂર્વક કેવી રીતે થઈ શકે તે જણાવવામાં આવશે. આ વર્કશોપમાં ભાગ લેવા માટે મો. ૭૪૦૫૨ ૫૭૭૯૩ પર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

એસ.કે. પટેલ કે.જી. ઈંગ્લીશ મીડિયમમાં વસંતપંચમીની ઉજવણી

ગાંધીનગર, તા.૧૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ. કે.પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં વસંતપંચમી અને યલો ડે ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં આચાર્ય દિપાલી જોષીએ વસંતપંચમીના દિવસે માં સરસ્વતી ની કૃપા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ના બાળકો પર બની રહે તે માટે પ્રાર્થના કરી હતી અને તેની સાથે યલો ડે ની પણ ઉજવણી કરી હતી.

સરકારી વિજ્ઞાન કોલેજમાં 'વુમન હેલ્થ અવેરનેસ' પર સંવાદનું આયોજન

ગાંધીનગર, તા.૧૧

સરકારી વિજ્ઞાન કોલેજ માં **CWDC (Collegiate Women Development Cell)**, ગાંધીનગર ખાતે **"Women's Health Awareness"** વિષય પર સંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિષય નિષ્ણાત તરીકે ડૉ. ટિવંકલ પટેલ (સ્ત્રીરોગ નિષ્ણાંત), અમદાવાદથી આવ્યા હતા. આ કાર્યક્રમની શરૂઆત આચાર્ય શ્રી ડૉ . એમ . જી . ભટ્ટના પ્રારંભિક ઉદબોધન થી થઈ હતી . ડૉ. ટિવંકલ પટેલે આધુનિક જીવન શૈલીમાં સ્ત્રી નાં સ્વાસ્થ્ય ને કેવી રીતે જાળવવું જોઈએ તેના વિષે વિસ્તૃત ચર્ચા કરી હતી. સ્ત્રીનું આરોગ્ય કુટુંબ, સમાજ અને દેશ ના ઘડતર માટે ખૂબ જ જરૂરી છે. આથી સ્ત્રી એ શારીરિક, માનસિક અને આધ્યાત્મિક રીતે સ્વસ્થ રહીને કેવું જીવન જીવવું જોઈએ એ વિષે વિવિધ મુદ્દાઓની ચર્ચા કરી હતી. સ્ત્રીઓને અમુક ઉમરે કેન્સર જેવી બીમારીની ઓળખ અને ઉપચાર વિષે જાગૃતિ આપી હતી. બહેનોમાં જોવા મળતા માનસિક સ્ટ્રેસ ને દૂર કરવા યોગા થેરેપી, મ્યુઝિક થેરેપી, મેડિટેશન વગેરે વિષે ચર્ચા કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા સી. ડબલ્યુ.ડી.સી. ના ચેરમેન ડૉ . કિરણ નિમાવત અને તેમની ટીમે મહેનત કરી હતી . આ કાર્યક્રમ આચાર્ય શ્રી ડૉ . એમ . જી. ભટ્ટના માર્ગદશન હેઠળ કરવામાં આવ્યો હતો.

સમર્પણ હોસ્ટેલના વિદ્યાર્થીઓએ રક્તદાન કરી માનવતા મહેકાવી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ હોસ્ટેલના કોલેજીયન વિદ્યાર્થીઓએ અમદાવાદ સ્થિત યુ.એન.મહેતા હિસ્પિટલમાં મદયપ્રદેશની એક જરૂરિયાતમંદ વ્યક્તિને સારવાર માટે રક્તની ખૂબ જરૂરિયાત હોવાથી ચાર યુવાનોએ રકતદાન કરી, 'રક્તદાન મહાદાન' સૂત્રને સાચા અર્થમાં ચરિતાર્થ કર્યું હતું. આ પ્રસંગે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી અને ટ્રસ્ટી પીનાકભાઈ લબાના અને રૂપસિંહ દાદાએ સર્વે વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા. હોસ્પિટલમાં પણ ઉપસ્થિત સૌએ આવા ઉત્તમ કાર્ય બદલ વિદ્યાર્થીઓની પ્રસંશા કરી હતી.

પી.એચ.જી. કોલેજમાં રાષ્ટ્રીય સેવા યોજનાના વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા

ગાંધીનગર, તા.૧૧

કલોલ વખારીયા કેમ્પસામાં કલોલ તાલુકા કેળવણી મંડળ સંચાલિત પી.એચ.જી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજમાં રાષ્ટ્રીય સેવા યોજનાના વિદ્યાર્થીઓને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી નિમિત્તે મોટી ભોંયણ ખાતે આવેલ જે.કે. લક્ષ્મી સિમેન્ટ લિમિટેડના સહયોગથી કરી હતી.

અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસીમાં ઓરીએન્ટેશન પ્રોગ્રામનું આયોજન

ગાંધીનગર, તા.૧૧

અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રિસર્ચ ઈન્સ્ટીટયૂટ તરફથી પહેલા સેમના બી.ફાર્મ તથા ડી.ફાર્મના વિદ્યાર્થીઓ માટે ઓરીએન્ટેશન પ્રોગ્રામ 'પ્રારંભ ૨૦૨૨'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામ અંતર્ગત ૧૦૩ વિદ્યાર્થીઓ તથા કોલેજના શિક્ષકગણે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમની શરૂઆત ડૉ. રાગીન શાહ, આચાર્ય ASPBRI તરફથી ઉપસ્થિત તમામના અભિવાદનથી કરાઈ હતી. જેમાં મુખ્ય અતિથિવિશેષ તરીકે ડૉ. કાર્તિક જૈન ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને અનોખી વસ્તુની શોધ પાછળ દોડવા કરતાં આસપાસ આવેલી વસ્તુને ધ્યાનમાં રાખીને કામ કરવાનું મહત્વ સમજાવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત ડૉ. હિરલ શાહે તમામ જાણકારી આપી હતી. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. આરતી મોહને કર્યું હતું.

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં સાડી ડેની ઉજવણી કરવામાં આવી હતી. કોલેજમાં કાર્યરત સાંસ્કૃતિક સમિતિ દ્વારા આયોજિત વિવિધ ડે જેવા કે સાડી ડે, પ્રોફેશનલ ડે, ગ્રીન ડે, બ્લેક એન્ડ વ્હાઈટ જેવા વિવિધ ડેની ઉજવણી કરી હતી. મોટી સંખ્યામાં વિદ્યાર્થીની બહેનોએ પરંપરાગત સાડી પહેરીને સાડી ડેની ઉજવણી કરી હતી. આચાર્ય ડૉ. એમ.એમ.ચૌધરી અને સાંસ્કૃતિક સમિતિના સૌ સ્ટાફ મિત્રોએ વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહનઆપ્યું હતું.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. રાઓલ કમળાબેન પૃથ્વીસિંહ,** ઉ.વ. ૭૯, સેકટર-૨૩
- **સ્વ. જાડેજા બાબાબા ભાવુભા,** ઉ.વ. ૧૦૫, દોલારાણા વાસણા
- **સ્વ. ઠાકોર મેનાબેન આતાજી,** ઉ.વ. ૯૦, ફતેપુરા, પેથાપુર
- **સ્વ. પુરબિયા ઘનશ્યામભાઈ લલ્લુભાઈ,** ઉ.વ. ૫૯, સેકટર-૨૩
- **સ્વ. વાઘરી રમેશભાઈ ચંપાભાઈ,** ઉ.વ. ૪૦, માણસા
- **સ્વ. દંતાણી ઢબુબેન પોપટભાઈ,** ઉ.વ. ૩૦, આદીવાડા

● રૂદ્રભૂમિ ●

- **સ્વ. સંઘવી સતીષભાઈ વ્રજલાલ,** ઉ.વ. ૫૮, સરગાસણ
- **સ્વ. રામાણી વલ્લભભાઈ મોહનભાઈ,** ઉ.વ. ૮૮, અડાલજ, ત્રિમંદિર
- **સ્વ. પટેલ પુરીબેન પરસોત્તમભાઈ,** ઉ.વ. ૮૨, રાંદેસણ